**ફો.કેસ નં. :– ૨૫૬/૨૦૨૦**

**આંક:– ૩૭**

**(FILE- C)**

**શરૂ–૧૨:૫૮, પુર્ણ– ૦૧:૫૪**

બચાવપક્ષે સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

મારું નામ:– આસીફ અલી પિતા/પતિનું નામ:– આબીદઅલી શેખ

ઉ.વ.:– ૩૯

ધંધો:– નોકરી (બીઓબી બેન્ક) સરનામુ:– રેલ્વે સ્ટેશન રોડ, હળવદ, જી.મોરબી.

**સોગંદ આપ્યા.....**

**બચાવપક્ષે સરતપાસ વિ. વ. શ્રી એલ.જી.સોનાગ્રા**

**(૧)** હું તા.૦૨/૦૫/૨૦૨૫થી બ્રાંન્ચ મેનેજર તરીકે હળવદ બેન્ક ઓફ બરોડામા હળવદબ્રાંન્ચમા ફરજ બજાવુ છુ. આજરોજ હું નામ. કોર્ટના સાહેદ સમન્સના આધારે કોર્ટ રૂબરૂ સાહેદી આપવા માટે હાજર છુ. મને મળેલ સાહેદ સમન્સની અરજીમા દર્શાવેલ દસ્તાવેજી પુરાવાઓ પૈકી આજરોજ હું મારી સાથે અમારી સીબીએસ સીસ્ટમમા રેકોર્ડ થયેલ સ્ટોપ ચેક માટેની અરજી, એની સાથે ગ્રાહકને ઈશ્યુ થયેલ ચેક સ્ટોપની રીસીપ્ટ અને સ્ટોપ ચેકના ચાર્જીસ ડેબીટ થયેલની રીસીપ્ટ નંગ–૫ અને ઓરીજનલ અરજી રેકર્ડ ઉપર ના હોવા માટેનો આજની તારીખનો પત્ર સાથે લાવેલ છુ. હૃં મારી પોતાની સહી તથા અમારા બેન્કના સીલવાળો આરોપીએ જે–તે સમયે પુર્વવર્તી દેના બેન્કને ચેકનું પેમેન્ટ સ્ટોપ કરાવવા માટે આપેલ અરજી મળી આવતી ન હોવા અંગેનો પત્ર રજુ રાખુ છુ જે રજુ દાખલ **આંક–૩૮.** આજરોજ હું મારી સાથે ચેક નં.૨૮૧૦૪૧ થી ચેક નં.૨૮૧

૦૫૦ સુધીનુ સ્ટેટસ જેમા ચેક નં. ૨૮૧૦૪૫, ૨૮૧૦૪૬, ૨૮૧૦૪૮ થી ૨૮૧૦૫૦ સુધીના ચેકોનુ પેમેન્ટ સ્ટોપ કરાવેલ દર્શાવેલ છે તે અમારી સીસ્ટમ જનરેટેડે ચેકબુક મેન્ટેનન્સનુ સ્ટેટસ હું અમારા બેન્કના સીલ તથા મારી સહીવાળુ ઓળખી બતાવી રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૩૯**. આ સાથે ઉપરોકત ચેક નંબર પૈકી સ્ટોપ કરાવેલ ચેકની વિગતો સીસ્ટમ ધ્વારા જનરેટેડ રીસીપ્ટ નંગ–૫ પણ સામેલ છે, જેમા સદર ગ્રાહકનું દેના બેન્કમા આવેલ એકાઉન્ટ નંબર ૦૨૫૬૧૦૦૩૩૨૯૧ છે અને અમારી બેન્કમા મર્જ થયા પછી તેને આપવામા આવેલ એકાઉન્ટ નંબર ૩૩૪૮૦૧૦૦૦૨૩૪૧૮ છે, જેમા એકાઉન્ટ હોલ્ડરનું નામ દયારામ નાગરભાઈ દલવાડી/પરમાર, ઉપરોકત ચેક નંબર સાથે તા.૨૮/૦૯/૨૦૨૦ના રોજ અમારી બેન્કના ગ્રાહક દયારામભાઈ નાગરભાઈ દલવાડી ધ્વારા અરજી મળેલ હોવાનુ દર્શાવેલ છે. આ બધા જ ચેકો જે–તે સમયે દેના બેન્કે ગ્રાહકને આપેલ દેના બેન્કના નામવાળી ચેકબુકના ચેકો હતા, જે બેન્કોના મર્જર બાદ બેન્કો ઓફ બરોડા હળવદ બ્રાંચના છે. જે સ્ટોપ પેમેન્ટ કરાવેલ વિગતો દર્શાવતા પત્રક આંક–૩૯ મુજબ કુલ પાંચ ચેક સ્ટોપ પેમેન્ટ કરાવેલ છે તે ઉપરોકત દર્શાવેલ નંબરો વાળા પાંચ ચેકોની ચેક સ્ટોપ પેમેન્ટ કરાવ્યા અંગેની રીસીપ્ટ અમારી બેન્કના સીલ તથા મારી સહીવાળી હું ઓળખી બતાવી રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૪૦ થી આંક–૪૪.** આ ફરીયાદના કામે આરોપીએ પોતાના દસ્તાવેજી પુરુવાઓમા પોતાના સરતપાસના સોગંદનામા સાથે રજુ રાખેલ નીશાની–૧૮/૧ની અરજીની સર્ટીફાઈડ કોપી બતાવવામા આવે છે જે ગ્રાહકે દેના બેન્ક હળવદ શાખાના મેનેજર શ્રીને તા.૨૮/૦૯/૨૦૨૦ના રોજ ઉપરોકત દર્શાવેલ વિગતોવાળા સહીવાળા ચેકો ખોવાઈ ગયેલ હોય જેથી સ્ટોપ પેમેન્ટ કરવાની અરજી આપેલ તેમા બેન્ક ઓફ બરોડા ધ્વારા તે રીસીવ કરવામા આવેલ તે હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ **આંક–૪૫.**

(૨) વધુમા હું જણાવુ છુ કે રીઝર્વ બેન્ક અને મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સના આદેશ મુજબ બેન્ક ઓફ બરોડા અને દેના બેન્ક તા.૦૧/૦૪/૨૦૧૯ના રોજ મર્જ થયેલ છે આ અરજી ઈડીબી એટલે કે પુર્વવર્તી દેનાબેન્ક શાખા હળવદ આપેલ પરંતુ

તે સમયે બંને શાખાઓ પોતાના જે–તે નામથી જ બેન્કીંગ વ્યવહારો કરતી હતી અને તે પછી બંને શાખાઓ મર્જ કરવામા આવેલ હતી અને મર્જર પછી બેન્ક ઓફ બરોડા, હળવદના નામે ઓળખાય છે.

**ફરીયાદપક્ષે ઉલટ તપાસ વિ.વ.શ્રી આર.જે.ઝાલાના પ્રોકસી વિ.વ.શ્રી આઈ.જી.ઝાલા**

(૩) એ વાત ખરી છે કે હું ફરીયાદી કે આરોપીને ઓળખતો નથી. એ વાત ખરી છે કે હાલની ફરીયાદમા દર્શાવેલ કેસની વિગતો અને નાણાંકીય વ્યવહારો અંગેની મને જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે આજરોજ હું રેકર્ડ આધારીત પુરાવાના આધારે જુબાની આપવા આવેલ છુ. એ વાત ખરી છે કે ગ્રાહકના ચેકો તા.૨૪/૦૯/૨૦૨૦ના રોજ ખોવાયા છે અને ગ્રાહકે બેન્કને તે અંગેની જાણ તા.૨૮/૦૯/૨૦૨૦ એટલે કે ચાર દિવસ મોડી કરેલ છે. એ વાત ખરી છે કે ગ્રાહક જયારે આવા પ્રકારની ચેક સ્ટોપ પેમેન્ટની અરજી ચેક ખોવાઈ ગયાના કારણસર બેન્કને આપે છે ત્યારે બેન્ક તે અંગેની કોઈ ખરાઈ કરતી નથી.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૧૩/૦૨/૨૦૨૬**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, હળવદ

એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*